મુજબ પુનઃ સમીક્ષા કરવાની થશે અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૮૭ ના નિયમ -૮ હેઠળની નોંધ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૩(૨૧) ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળની ચુકવવાપાત્ર રકમની ચુકવણી કરતા પહેલા સંબંધિત શિક્ષક પાસેથી આ ઠરાવ સાથે સંલગ્ન અનુસુચિ-૪ મુજબ બાંયધરીખત શાળા/ કચેરીના વડાએ મેળવવાનું રહેશે.

૩(૨૨) આ ઠરાવ હેઠળ મોંઘવારી ભથ્થાની દર, વચગાળાની રાહત અને ઉચ્ચતર પગાર ધોરણની યોજના અંગે લાભ મેળવનાર દરેક શિક્ષકે આ ઠરાવ સાથે સંલગ્ન અનુસુચિ-૫ અનુસાર કચેરીના વડાને લેખિત બાંહેધરી આપવાની રહેશે. આવી લેખિત બાંહેધરી મળ્યા બાદ જ શિક્ષકને આ ઠરાવ હેઠળ મળવાપાત્ર રકમની ચુકવણી કરવાની રહેશે.

૩(૨૩) પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાને કારણે તા.૧-૬-૮૭ થી તા. ૩૦-૯-૯૧ સુધીની લ્હેણી થતી રકમ શિક્ષક નિવૃત થાય ત્યાં સુધી તેમના સામાન્ય ભવિષ્યનિધિ હિસાબમાં જમા રહેશે.

૩(૨૪) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવનાર દરેક શિક્ષકે આ સરકારી ઠરાવ સાથે સંલગ્ન અનુસુચિ-૨ અનુસાર લેખિત બાંયધરી આપવાની રહેશે કે જેમ અને જ્યારે તેને બઢતી મળવાપાત્ર થશે ત્યારે તેનો તે અસ્વીકાર કરશે નહીં. આનું કારણ એજ છે કે આ યોજનાનો આશય જેમને ૯-૨૦-૩૧ વર્ષના સમયગાળા બાદ પગાર ધોરણની સ્થગિતતા આવી જતી હોય તેમને લાભ આપવાનો છે અને જેમણે કોઇપણ કારણસર બઢતી જતી કરી છે તેમને આ યોજનાનો લાભ આપી શકાય નહીં. જ્યારે તેમને બઢતી મળવાપાત્ર થાય ત્યારે તે તેનો કોઇપણ કારણસર અસ્વીકાર કરશે તો આ યોજના હેઠળનો લાભ તેણે જતો કરવો પડશે. અને તેને તેના મુળ નીચલા પગાર ધોરણમાં પાછા હઠાવવામાં આવશે. તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ ન હોય તો તેને મુળ નીચલા પગાર ધોરણમાં જે પગાર મળતો હોય તે પગાર તે મેળવશે. આમ છતાં મુળ પગાર ધોરણમાં પાછા હઠાવવાના કારણે શિક્ષકે જેટલા સમયગાળા માટે ઉચ્ચતર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હોય તે સમયગાળા માટેની વસુલાત કરવામાં આવશે નહીં. તા. ૫-૭-૯૧ પહેલાં જો કોઇ શિક્ષકે તેને આપવામાં આવેલ બઢતીનો કોઇપણ કારણોસર અસ્વીકાર કર્યો હોય પરંતુ તા. ૫-૭-૯૧ ના ઠરાવની અન્ય શરતો પરિપુર્ણ થતી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે. તા.૫-૭-૯૧ પછી કોઇપણ કારણોસર પછી તે અંગત કારણો હોય, બીમારીના કારણે હોય, વહીવટી (એટલે જેમ કે ટુંકા ગાળા માટેની બઢતી હોય ) કારણોસર કે અન્ય કોઇ કારણસર બઢતી જતી કરી હોય તેને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપી શકાશે નહીં.

ઉપર જણાવ્યા મુજબ બઢતી જતી કરનાર કર્મચારીને સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ આપવાનો લાભ નીચેની શરતોને આધીન રહેશે.

(૧) આ રીતે,. તા ૫-૭-૯૧ પહેલા બઢતી જતી કરનાર શિક્ષકને આ ઠરાવની જોગવાઇ અનુસાર સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો લાભ આપવામાં આવે અને તે શિક્ષકનો પગાર સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણમાં જે નકકી થાય તે પગાર તેના જુનીયર શિક્ષક કરતાં કે જેણે બઢતી સ્વીકારી હતી તેના કરતાં ઓછો થાય તેવા કિસ્સામાં તે જુનીયર કર્મચારીના પગાર ધોરણનો/સ્ટેપીંગ અપ કે જુનીયરને મળેલ અન્ય પગાર ભથ્થાંનો હકક દાવો કરી શકશે નહીં. દા.ત. તા.૧-૧-૧૯૮૬ ના રોજ સીનીયોરીટી લીસ્ટ ઉપરના ક્રમ-૧ થી ૧૦ ઉપરના શિક્ષકોને બઢતી આપવામાં આવી હોય અને આ પૈકી ક્રમ-૩ અને ૬ સામેના શિક્ષકોએ બઢતી સ્વીકારી ન હોય, હવે આ આદેશોને કારણે ક્રમાંક : ૩ અને ૬ સામેના શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તો તેમના જુનીયર શિક્ષકો કે જેમને અગાઉ બઢતી મળી ગઇ છે, તેમના કરતાં ક્રમાંક ૩ અને ૬ સામેના શિક્ષકોને પગાર ઓછો નિયત થાયતો પણ તેઓ સ્ટેપીંગ અપ માટે હકકદાર થશે નહીં.

(૨) તા.૫-૭-૯૧ પહેલાં બઢતી જતી કરનાર શિક્ષકને આ રીતે સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવે ત્યારે લાભ મેળવનાર શિક્ષકે આ ઠરાવ સાથેના અનુસૂચિ-૬ મુજબ બાંયધરી પત્રક સક્ષમ અધિકારીને આપવાનું રહેશે. આવું બાંયધરી પત્રક મળ્યા બાદ જ સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરનાર સક્ષમ અધિકારીએ સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

૩(૨૫) ઉચ્ચતર પગાર ધોરણમાંની નિમણુંક આવી નિમણુંકના સમયગાળા દરમ્યાન પ્રવર્તમાન જગ્યાની સામે તેને યથાપ્રસંગ ઉચ્ચતર પગાર ધોરણની જગ્યા ગણીને કરવામાં આવશે. આથી દરેક કક્ષાની મંજુર થયેલ જગ્યાના સંખ્યાબળમાં તે કક્ષાનાં ઉચ્ચતર પગાર ધોરણવાળી જગ્યા સામેની નિમણુંકને પરિણામે કદી વધારો કરી શકાશે નહીં.

૩(૨૬) આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણમાં નિમણૂંક થયેથી શિક્ષકની પગાર બાંધણી બઢતી વખતે કરવામાં આવે છે તે જ રીતે મુંબઇ રાજય સેવા નિયમોના નિમમ-41(A)(1) અનુસાર કરવાની રહેશે. નાણા-વિભાગના તા. ૬ ઠ્ઠી એપ્રિલ - ૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : પીજીઆર-૧૦૮૮-૧૧૪૨-ચ, ની જોગવાઈ આ યોજનાના કિસ્સામાં પણ લાગુ પડશે. આવો વિકલ્પ આપનારા શિક્ષકને વિકલ્પની તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાના ધોરણ મળવાપાત્ર બનશે.

૩(૨૭) જો શિક્ષક ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા પછી બઢતી મેળવે તો મુંબઇ રાજય સેવા નિયમોના નિયમ-41(1) અનુસાર પગાર બાંધણીનો લાભ મેળવી શકશે નહી.

પરંતુ બઢતીની જગ્યાનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ કરતાં ઉંચું હોય તેવા કિસ્સામાં પગાર બાંધણી મુંબઇ રાજય સેવા નિયમોના નિયમ41(A)(1) કરવાની રહેશે.

૩(૨૮) આ યોજના દાખલ થતાં અમુક જગ્યાઓની બાબતમાં ૧૭ વર્ષની નોકરી પછી સીનીયર પગાર ધોરણ આપવાની હાલની યોજના બંધ થયેલી ગણાશે, તેજ રીતે આ યોજનાના હેતુસર સીલેકશન ગ્રેડની અગાઉની યોજના બંધ થયેલી ગણાશે. સીનીયર પગાર ધોરણ અને સીલેકશન ગ્રેડ મેળવી ચુકેલા શિક્ષકો ઉપર ૩ (૨), ૩(૪) અને ૩(૬) માં દર્શાવેલી પાત્રતાની શરતો પુરી કરે તો તેઓ તે પછીનું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા હકકદાર બનશે.

૩(૨૯) જે શિક્ષકોને સીલેકશન ગ્રેડ મળી ગયેલ છે તેમને વિકલ્પ આપવામાં આવે કે કાં તો સીલેકશન ગ્રેડ મેળવવાનો ચાલુ રાખે અને સીલેકશન ગ્રેડ મળ્યા પછી તા. ૧-૬-૮૭ ના રોજ કે ત્યાર બાદ જ્યારે ૯ વર્ષ પુરા કરે ત્યારે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળે અથવા તો સીલેકશન ગ્રેડ જતો કરીને ૯-૨૦-૩૧ વર્ષની યોજના સ્વીકારે દા.ત. જો શિક્ષકને તા.૧-૧-૧૯૭૩ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય અને તે સીલેકશન ગ્રેડ પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૬-૧૯૮૭ ના રોજ મેળવશે. તા ૧-૧-૧૯૮૨ ના રોજ નહીં. આ જ રીતે જો શિક્ષકને તા. ૧-૧-૧૯૮૦ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય અને તે સીલેકશન ગ્રેડ પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા.૧-૧-૧૯૮૯ ના રોજ મેળવશે. તા.૧-૬-૮૭ ના રોજ નહીં.

જો શિક્ષકને તા.૧-૧-૧૯૭૩ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય તે યથાવત રાખીને અને તે ઉચ્ચતર પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથય ઉચ્ચતર પગાર ધોરણ તા. ૧-૬-૧૯૮૭ ના રોજ મેળવશે તા.૧-૧-૧૯૮૨ ના રોજ નહીં. આ જ રીતે જો શિક્ષકને તા. ૧-૧-૧૯૮૦ ના રોજ સીલેકશન ગ્રેડ મળેલ હોય અને તે ઉચ્ચતર પગાર ધોરણનો વિકલ્પ આપે તો પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તા.૧-૧-૧૯૮૯ ના રોજ મેળવશે, તા.૧-૬-૧૯૮૭ ના રોજ નહીં. આમ કરવાનું કારણ એ છે કે આ યોજનાનો અમલ તા. ૧-૬-૧૯૮૭ થી કરવાનો છે અને સીલેકશન ગ્રેડને બઢતી ગણી છે.

સીનીયર / સીલેકશન ગ્રેડ પગાર ધોરણનો લાભ મેળવી ચુકેલ શિક્ષક ઇચ્છે તો સીનીયર / સીલેકશન ગ્રેડ પગાર ધોરણ ચાલુ રાખવાનો અથવા આ યોજના સ્વીકારવાનો વિકલ્પ આપી શકશેં. જો તેઓ આ યોજનામાં જોડાવાનો વિકલ્પ આપે તો તેમણે જાણે કે સીનીયર પગાર ધોરણનો / સીલેકશન ગ્રેડનો લાભ લીધો જ ન હોય એ રીતે પગાર બાંધણી કરવામાં આવશે. આમ કરવાના પરિણામે પગાર-ભથ્થાની રકમ જો કાંઇ નીકળતી હોય તો તે આ યોજના હેઠળ મળવાપાત્ર થતા લાભ સામે સરભર કરવાની રહેશે.

વિકલ્પ, આ સરકારી ઠરાવ સાથેની અનુસૂચિ-૩ મુજબના નમુનામાં લિખિત સ્વરુપે આપીને આ સરકારી ઠરાવ બહાર પાડયાની તારીખથી ત્રણ માસમાં યોગ્ય સહાધિકારીને જણાવવાનો રહેશે.

૩(૩૦) શિક્ષકોની બદલી એક જીલ્લાની શાળામાંથી બીજા જીલ્લાની શાળામાં કોઇપણ કારણોસર એટલે કે વહીવટી સ્વ-વિનંતીની/અરસ-પર માંગણીથી થયેલ હોય અને જીલ્લા ફેરબદલી થતાં જો તેમનું પગાર ધોરણ બદલાતું ન હોય અને સેવામાં કોઇપણ પ્રકારની તુટ ન હોયતો આવી અગાઉના જીલ્લાની સેવા ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે. પરંતુ આમ થવાના કારણે એવું બને કે ફેરબદલીવાળા જીલ્લામાં/ શાળામાં આવા શિક્ષકની પ્રવરતા નીચે જાય પરિણામે બીજા જીલ્લા/ શાળામાં કામ કરતા અન્ય પ્રવર શિક્ષકો કરતા બદલીવાળા શિક્ષકનો પગાર વધુ થાય. પરંતુ નિયમોની જોગવાઇમાં છુટછાટ મુકીને ખાસ (SPECIAL RELAXATION) કિસ્સા તરીકે આવા બદલીવાળા શિક્ષકને લાભ આપવાનું સરકારે સ્વીકારેલ હોઇ તે માટે અન્ય પ્રવર શિક્ષક પગારમાં સ્ટેપીંગ *(STEPPING UP) અપ માંગી શકશેં નહીં.*

૩(૩૧) માધ્યમિક શિક્ષકો/ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની શાળા ફેરબદલી થાય અને તેવી ફેરબદલી રાજીનામું આપવાના કારણે

